# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-03-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

**1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમનાથ મહાદેવ મંદિરમાં પૂજા-અર્ચના કરી**

**2) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મહેસાણા જિલ્લાના પીલવાઈ ખાતે નવનિર્મિત વિદ્યાભવન અને સાંસ્કૃતિક ભવનનું લોકાર્પણ કર્યું**

**3) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું - અન્ય રાજ્યનો વિકાસ કરવા માટે ગુજરાતને રોલ મોડલ તરીકે જોવાઇ રહ્યું છે**

**4) PMJAY-મા યોજના અંતર્ગત લોકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે 24 કલાકની હેલ્પલાઇન કાર્યરત કરાઇ**

**5) ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે ન્યુઝીલેન્ડને જીતવા 250 રનનો લક્ષ્યાંક આપ્યો**

……………………………………………………………………………………………………

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM SOMNATH

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જામનગર, સોમનાથ અને સાસણ ખાતે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી.**

**પ્રસ્તુત છે એક અહેવાલઃ**

**(VOICE CAST)**

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જામનગરમાં પશુ રાહત અને પુનર્વસન કેન્દ્ર, વનતારાની મુલાકાત લીધી હતી. ત્યારબાદ શ્રી મોદીએ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં વિશેષ પૂજા-અર્ચના કરી હતી. શ્રી મોદી આવતી કાલે એશિયાઇ સિંહનાં નિવાસસ્થાન ગીર નેશનલ પાર્કમાં સફારી માણશે. ત્યારબાદ વિશ્વ વન્યજીવ દિવસ પ્રસંગે રાષ્ટ્રીય વન્ય જીવ બોર્ડની સાતમી બેઠકમાં ભાગ લેશે. શ્રી મોદી આ બોર્ડના અધ્યક્ષ છે. મયુર સોલંકી, આકાશવાણી સમાચાર અમદાવાદ*

# HM AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મહેસાણા જિલ્લાના વિજાપુરના પીલવાઈ ખાતે નવનિર્મિત વિદ્યાભવન અને સાંસ્કૃતિક ભવનનું લોકાર્પણ કર્યું. શ્રી શાહે નવનિર્મિત વિદ્યાભવનમાં સ્માર્ટ ક્લાસરૂમ અને કોમ્પ્યુટર લેબ સહિત વિવિધ વર્ગખંડોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ પહેલા શ્રી શાહે પિલવાઈમાં શ્રી ગોવર્ધનનાથજીની મૂર્તિના પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

# MANDVIYA PORBANDAR

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે અન્ય રાજ્યનો વિકાસ કરવા માટે ગુજરાતને રોલ મોડલ તરીકે જોવાઇ રહ્યું છે. પોરબંદરના બગવદર ખાતે 96 કરોડ રૂપિયાથી વધુના કામોનું ઈ-ખાતમૂહુર્ત અને 53 લાખ રૂપિયાથી વધુના કામોના ઈ-લોકાર્પણ સમયે શ્રી માંડવિયાએ આમ જણાવ્યું હતું. શ્રી માંડવિયાએ ઉમેર્યું કે કેન્દ્ર સરકારે ખેડૂતોની ચિંતા કરતાં તાજેતરના બજેટમાં પાક ધિરાણમાં વધારો કરીને પાંચ લાખ રૂપિયા કરવાની જોગવાઈ કરાઇ છે. આ પહેલા શ્રી માંડવિયાએ મોકર સાગર વેટલેન્ડની મુલાકાત લીધી હતી. આજે સવારે શ્રી માંડવિયાએ સન્ડે ઓન  સાયકલ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# CR PATIL NAVSARI

કેન્દ્રીય મંત્રી સી આર પાટીલની ઉપસ્થિતિમાં નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ધમડાછા ગામ ખાતે “સરપંચ સાથે સંવાદ” કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે શ્રી પાટીલે સરપંચોને ‘જળ સંરક્ષણ – જન ભાગીદારી” અભિયાનમાં જોડાવા અને કેન્દ્ર સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચાડવા અપીલ કરી હતી.

(બાઈટ: સી આર પાટીલ - કેન્દ્રીય મંત્રી)

શ્રી પાટીલે 8મી માર્ચે નવસારીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાનારા લખપતિ દીદી સન્માન સમારોહની તૈયારીઓની પણ સમીક્ષા કરી હતી. આ કાર્યક્રમ અંગે શ્રી પાટીલે વધુ માહિતી આપી

(બાઈટ: સી આર પાટીલ - કેન્દ્રીય મંત્રી)

# PMJAY

PMJAY-મા યોજના અંતર્ગત લોકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે ચોવીસ કલાકની હેલ્પલાઇન કાર્યરત કરવામાં આવી છે.

હેલ્પલાઇન નંબર “૦૭૯-૬૬૪૪-૦૧૦૪” પર મળેલી ફરિયાદના નિવારણ માટે, જિલ્લા/કોર્પોરેશન નોડલ ઓફિસર તરીકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને આરોગ્ય મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ, ઇન્સ્યોરન્સ કંપની, કાર્ડ એપ્રુવલ એજન્સીને SMS તથા ઇમેલમાં લિંક થકી ફરિયાદની વિગતો મોકલવામાં આવશે.

દર્દીને ફરિયાદના સફળ નોંધણી અને ફરિયાદની સ્થિતિને ટ્રેક કરવા માટે નોંધણી નંબરની જાણકારી આપતો SMS રજીસ્ટર્ડ નંબર પર મોકલવામાં આવશે. આ હેલ્પલાઇનમાં ચોવીસ કલાક ટોલ ફ્રી નંબર, યોજનાકીય માહિતી, કાર્ડ એનરોલમેન્ટ સેન્ટરની માહિતી, કાર્ડ બેલેન્સ, હોસ્પિટલોની માહિતી જેવી સુવિધા પણ છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JITENDRA SINGH

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંઘની વર્ચ્યુલી ઉપસ્થિતિમાં અમદાવાદ સાયન્સ સિટી ખાતે રજત જયંતી સમારોહ યોજાયો. આ કાર્યક્રમમાં નવપ્રવર્તન ક્ષેત્રે થયેલ પ્રગતિ અને ભવિષ્યની યોજના વિશે ચર્ચા કરાઇ હતી. આ પ્રસંગે શ્રી સિંઘે જણાવ્યું કે GDPમાં ભારત જર્મની અને જાપાનને પાછળ છોડી ચોથા નંબરે અને પછી ત્રીજા નંબરે આવશે.

# CM- SABARKANTHA SAMUHLAGN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં આમોદરા ખાતે સાંસદ સમૂહ લગ્નોત્સવમાં સહભાગી થયા હતા.આ સમૂહ લગ્નોત્સવમાં 122 યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ પ્રસંગે તેમણે નવ યુગલોને શુભકામનાઓ પાઠવતા સમૂહ લગ્નના આયોજનને બિરદાવ્યું હતું. શ્રી પટેલે કહ્યું, આ સાંસદ સમૂહ લગ્ન ઉત્સવ જેવા આયોજનોએ સૌનો સાથ, સૌના વિકાસના મંત્રને ચરિતાર્થ કર્યો છે.તેમણે સમૂહ લગ્નોત્સવને સામાજિક સમરસતાની દિશામાં એક પ્રશંસનીય પહેલ ગણાવી હતી. અમારા જિલ્લા પ્રતિનિધિ જણાવે છે કે સાબરકાંઠા - અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સમાજના સહયોગથી સાંસદ શોભના બારૈયા દ્વારા આ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે દિવ- દમણ દાદરાનગર હવેલી અને લક્ષદ્વીપ પ્રશાસક પ્રફુલ પટેલ વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.

# NARMADA SUGAR- ITHENOL

નર્મદાના ધારીખેડા ખાતે આવેલી નર્મદા સુગર ફેક્ટરી શેરડી પીલીને તેના મોલાસિસમાંથી દૈનિક 1.20 લાખ લિટર ઇથેનોલનું ઉત્પાદન કરનાર રાજ્યની પ્રથમ ફેક્ટરી બનશે. હાલ રોજના 60 હજાર લીટર ઇથેનોલનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. આગામી દિવસોમાં 60 હજાર લીટરનો બીજો એક પ્લાન્ટ કાર્યરત થશે.

આ અંગે સંસ્થાના વડા નરેન્દ્ર પટેલે આ મુજબ જણાવ્યું..

(બાઈટ : નરેન્દ્ર પટેલ,એમ ડી-નર્મદા સુગર ફેકટરી)

# ARAVALLI TRAFIK SIGNAL

અરવલ્લીના મોડાસામાં ટ્રાફિક સિગ્નલનું લોકાર્પણ કરાયું. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ નીરજ શેઠ અને ASP સંજય કેશવાલા ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે મુખ્ય પાંચ રસ્તા પર સર્જાતી ટ્રાફિકની સમસ્યા અંગે ઉચ્ચકક્ષા સુધી રજૂઆતો કરાઇ હતી. ત્યારે હવે ટ્રાફિક સિગ્નલ શરૂ થતાં વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યાથી મુક્તિ મળશે તેમ નગરપાલિકા પ્રમુખ નીરજ શેઠે જણાવ્યું.

(બાઈટ : નિરજ શેઠ, પાલિકા પ્રમુખ, મોડાસા)

# CHAMPIONS TROPHY

આઇસીસી ચેમ્પિયન્સ ક્રિકેટ ટ્રોફીની દુબઈમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મેચ રમાઈ રહી છે. ભારતે ન્યુઝીલેન્ડને 250 રનનો લક્ષ્યાંક આપ્યો છે. ભારતીય ટીમ તરફથી સૌથી વધુ 79 રન શ્રેયસ ઐયરે કર્યા હતા. જ્યારે હાર્દિક પંડયાએ 45 અને અક્ષર પટેલે 42 રનનું યોગદાન આપ્યું હતું.

હમણાં મળતા સમાચાર મુજબ ન્યૂઝીલેન્ડની ટીમે 10 ઓવરમાં 1 વિકેટ ગુમાવી 44 રન કર્યા છે. ઉલ્લેખનીય છે કે, બંને ટીમ સેમી ફાઇનલમાં પહેલાથી જ પોતાનું સ્થાન બનાવી ચૂકી છે. આ મેચની વિજેતા ટીમ મંગળવારે સેમીફાઇનલમાં ઓસ્ટ્રેલીયા સામે રમશે, જ્યારે પરાજિત ટીમ બુધવારે દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.

# BEST SCHOOL AWARD –DANG

રાજ્ય કક્ષાની શ્રેષ્ઠ શાળા સ્પર્ધામાં વર્ષ 2024-25 માટે ડાંગ જિલ્લાના આહવાની દીપ દર્શન શાળાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. રાજ્ય કક્ષાની સમિતિ દ્વારા ચકાસણીને અંતે 81.69 ગુણ મેળવી આ શાળાને પ્રથમ ક્રમે વિજેતા જાહેર કરાઇ હતી.આ શાળાને રાજ્ય સરકાર તરફથી પાંચ લાખ રૂપિયાની પ્રોત્સાહક રકમ અપાશે. અગાઉ વર્ષ 2019-20માં જિલ્લા કક્ષાએ આ શાળાને સર્વ શ્રેષ્ઠ શાળાનો પુરસ્કાર મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે વિવિધ તપાસના આધારે જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળાની પસંદગી કરવામાં આવે છે.